For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# તહેવારના ટાંણે જ ખાદ્યતેલમાં ભડકો

**સિંગતેલના** 15 કિલોના ડબ્બામાં 50 અને કપાસિયા તેલમાં રૂ.25નો વધારો

**સિંગતેલના** ડબ્બામાં રૂ.50નો વધારો ભાવ રૂ.3,050એ પહોંચ્યો, કપાસિયા તેલ રૂ.2,850 થયું

સુરતઃ તહેવારોની સિઝન શરૂ થાય તે પહેલાં જ ગુજરાતના ખાદ્યતેલ બજારમાં ફરી ગરમાવો આવ્યો છે. જન્માષ્ટમી બાદ પણ સિંગતેલ અને કપાસિયા તેલની તેજી અટકવાનું નામ લેતી નથી. આજે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની ઓઈલ મિલોમાંથી મળેલા બજાર સંકેતો મુજબ આજે સુરતના તેલ બજારમાં 15 કિલો સિંગતેલના ડબ્બામાં રૂ.50નો અને કપાસિયા તેલના ડબ્બામાં રૂ.25નો વધારો થયો છે. પરિણામે સિંગતેલનો ડબ્બો રૂ.3,050 અને કપાસિયા તેલનો ડબ્બો રૂ.2,850 સુધી પહોંચી ગયો છે.

તહેવારોમાં ફરસાણ, મીઠાઈ અને ઘરગથ્થુ વપરાશમાં તેલની માગ વધતી હોવાથી આગામી દિવસોમાં પણ ભાવમાં વધઘટની શક્યતા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

સિંગતેલનો ડબ્બો રૂ.3,000ની સપાટી વટાવીને રૂ.3,050 સુધી પહોંચવો ગ્રાહકો માટે નોંધપાત્ર વધારો છે. 15 કિલોના ડબ્બા દીઠ રૂ.50ના વધારાનો સીધો બોજ ઘરગથ્થુ બજેટ ઉપરાંત ફરસાણ અને મીઠાઈના વેપારીઓ પર પણ પડશે.

સૂરજમુખી અને અન્ય રિફાઈન્ડ તેલના કાચા માલના ભાવમાં પણ આંતરરાષ્ટ્રીય બજારની અસર જોવા મળી રહી છે. 9 સપ્ટેમ્બરના સ્પોટ રેટ મુજબ કંડલા ખાતે ક્રૂડ સનફ્લાવર ઓઈલ આશરે રૂ.162.75 પ્રતિ કિલો અને ક્રૂડ પામ ઓઈલ રૂ.141.58 પ્રતિ કિલો નોંધાયું હતું.

...અનુસંધાન પાના 5 પર

## 'મગફળીનું ઉત્પાદન મબલક, છતાં તેલ કેમ મોંઘું?

'સિંગતેલના ભાવ વધારાની સૌથી મોટી ચર્ચા એ છે કે ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન ઊંચું હોવા છતાં ગ્રાહકને સિંગતેલ સસ્તું મળતું નથી. કેન્દ્રના એગ્રીકલ્ચર એટ અ ગ્લાન્સ (Agricultural Statistics at a Glance) મુજબ ગુજરાતમાં 2024-25માં મગફળીનું ઉત્પાદન 5.22 મિલિયન ટન એટલે કે આશરે 52.20 લાખ ટન થયું હતું. દેશના કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 43.72 ટકા રહ્યો હતો. ઉત્પાદનનો આંકડો મોટો હોવા છતાં તેલનો ભાવ માત્ર સ્થાનિક ઉત્પાદનથી નક્કી થતો નથી. મગફળીના દાણા, તેલની રિકવરી, સ્ટોકિસ્ટ-મિલરોની ખરીદી, માંગ-પુરવઠો અને અન્ય ખાદ્યતેલોના ભાવ

...અનુસંધાન પાના 5 પર

## ઓઈલ મિલરોની સિન્ડિકેટે ખાદ્યતેલના ભાવો આસમાને પહોંચાડ્યા

| તેલ | વજન | ભાવ | વધારો |
|---|---|---|---|
| સિંગતેલ | 15 કિલો | રૂ.3,050 | રૂ.50 |
| કપાસિયા તેલ | 15 કિલો | રૂ.2,850 થી 2900 | રૂ.25 |
| સૂરજમુખી તેલ | 15 લીટર | રૂ.2,670 થી 2900 | રૂ.25 |
| મકાઈ તેલ | 15 કિલો | રૂ.2,750 થી 2900 | રૂ.25 |



### 6 મહિનામાં મકાઈ તેલ 600 રૂપિયા મોંઘું થયું

માત્ર 6 મહિનામાં મકાઈ તેલનો 15 લીટર નો ડબ્બો 600 રૂપિયા મોંઘો થયો છે. 9 માર્ચ 2026ના ગુજરાત બજાર અહેવાલમાં 15 લીટર મકાઈ તેલ રૂ.2,150 હતું.એ 9સપ્ટેમ્બર 2026 ના રોજ 15 કિલો રિફાઇન્ડ કોર્ન ઓઇલ ટિનનો ભાવ રૂ.2,750 થયો છે. માત્ર 6 મહિનામાં મકાઈ તેલનો ડબ્બો 600 રૂપિયા મોંઘો થયો છે.

'ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ'ને વેગ આપતા GST સુધારા વિધાનસભામાં પસાર

# GSTમાં હવે ત્રણ જ દિવસમાં નોંધણી નિકાસકારોને ૭ દિવસમાં ૯૦% રિફંડ

**વેચાણ** પછીના ડિસ્કાઉન્ટ પર કર રાહતનો માર્ગ મોકળો; ક્રેડિટ નોટની પ્રક્રિયા પણ સરળ બનશે

**નિકાસના** રિફંડ પરની રૂ.૧,૦૦૦ની મર્યાદા દૂર; નાના વેપારીઓને મોટી રાહત મળશે

ગાંધીનગરઃ રાજ્યમાં નાના વેપારીઓ અને ઉદ્યોગકારો માટે જીએસટીની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવતા ગુજરાત જીએસટી સુધારા વિધેયકને વિધાનસભા ગૃહે પસાર કરી દીધું છે. સુધારાઓના અમલ બાદ નાના વેપારીઓને ફેસલેસ વ્યવસ્થા મારફતે માત્ર ત્રણ દિવસમાં જીએસટી નોંધણી અને પ્રમાણપત્ર મળી શકશે, જ્યારે નિકાસકારોને ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર હેઠળના રિફંડમાં અરજી કર્યા બાદ સાત દિવસમાં ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ મળવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ વેચાણ પછીના ડિસ્કાઉન્ટ માટે ક્રેડિટ નોટ અને વેરાકીય રાહતની પ્રક્રિયા સરળ બનશે તથા નિકાસના રિફંડ માટેની રૂ.૧,૦૦૦ની લઘુતમ મર્યાદા પણ દૂર થશે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ૫૬મી જીએસટી કાઉન્સિલની ભલામણોના આધારે કેન્દ્રના સુધારા સાથે સુસંગતતા જાળવી આ વિધેયક વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૧ જુલાઈ, ૨૦૧૭થી અમલમાં આવેલા 'વન નેશન, વન ટેક્સ'ના જીએસટી કાયદામાં સમયાંતરે કરવામાં આવેલા સરળીકરણથી કરપ્રણાલી વધુ સરળ બની છે. ગુજરાતના કરદાતાઓ જીએસટી રિટર્ન સમયસર ભરવામાં દેશમાં અગ્રેસર હોવાનું જણાવતાં નાણામંત્રીએ કહ્યું હતું કે ગત નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યમાં ૯૯.૬ ટકા રિટર્ન નિયત સમયમર્યાદામાં ભરાયા છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે. ગુજરાત છેલ્લા પાંચ વર્ષથી સમયસર રિટર્ન ભરવાના મામલે દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

પોલીસને પરસેવો પડાવનારી માંડવીના ગોદાવાડી ગામે થયેલી ચકચારી

# નિધિ પટેલ હત્યામાં ગામની બે મહિલાના સાઈકો એનાલીસિસ ટેસ્ટની તૈયારી



**પોલીસે** સેંકડો લોકોનું સ્કેનિંગ કર્યા પછી બે મહિલાની ઓળખ કરી તેની પર ધ્યાન કેન્દ્રીત કર્યું

**ગુનાના** સ્થળે બંને મહિલા હતી તેની ખરાઈ કરવા માટે પોલીસ બંનેની અવરજવરની ચકાસણી કરી રહી છે

### નિધિ હત્યા કેસમાં ભેદ ન ઉકેલાતાં DGP સમક્ષ દર્શન નાયકની તપાસની માંગ

માંડવીઃ નિધિની હત્યાના ચકચારી બનાવમાં આરોપીઓને તાત્કાલિક ઝડપી કડક સજા ફટકારવા તથા પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સહકારી અગ્રણી દર્શનકુમાર એ. નાયકે રાજ્યના પોલીસ મહાનિર્દેશકને લેખિત રજૂઆત કરી ઉચ્ચસ્તરીય તપાસની માંગ ઉઠાવી છે અને જ્યાં સુધી પીડિત પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસ પક્ષ આ મામલે આંદોલનાત્મક લડત ચાલુ રાખશે.

સુરતઃ સુરત ગ્રામ્ય પોલીસે ગોદાવાડી ગામની જ બે મહિલાઓની ૨૨ વર્ષીય કમ્પ્યુટર એન્જિનિયર યુવતી નિધિ પટેલની હત્યામાં કથિત સંડોવણી બદલ શંકાસ્પદ તરીકે ઓળખ કરી છે. ગુનાના સ્થળે તેમની હાજરીની ખરાઈ કરવા માટે પોલીસ ઘટનાની રાત્રે તેમની અવરજવરની ચકાસણી કરી રહી છે. આ ઉપરાંત, કોર્ટની મંજૂરી મળ્યા બાદ શંકાસ્પદોની સંડોવણી નિશ્ચિત કરવા માટે પોલીસ તેમના સાયકોલોજિકલ ટેસ્ટ પણ કરાવશે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, અનેક શંકાસ્પદોમાંથી ઓછામાં ઓછી બે મહિલાઓ આ ગુનામાં સંકળાયેલી છે. સેંકડો લોકોની પૂછપરછ અને તપાસ બાદ

...અનુસંધાન પાના 5 પર

# મોટા પર મહેરબાની! કૈલાસ સ્વીટ્સમાં વાંદા ફરવા છતાં માત્ર 2 હજારનો દંડ

**ડી'માર્ટ** બાદ કૈલાસમાં પણ તંત્ર નતમસ્તક, અલથાણ ખાતેની દુકાનમાં વાંદા ફરતા હોવા સામે માત્ર કાજુ કતરી અને પેંડાનાં સેમ્પલ લીધાં અને માત્ર 2 હજારનો દંડ કર્યો

સુરતઃ સુરત મનપાનું આરોગ્ય અને ફૂડ વિભાગ નાના વેપારીઓને દંડે છે પરંતુ મોટા પર મહેરબાની કરે છે. ડી'માર્ટને છાવર્યા બાદ અલથાણ વિસ્તારમાં આવેલી જાણીતી 'કૈલાશ સ્વીટ્સ'માં વંદા રખડતા હોવાનો વિડીયો વાયરલ થયા બાદ સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. તહેવારોની મોસમમાં લોકો જે

...અનુસંધાન પાના 5 પર



### દંડના નામે માત્ર રૂ. 2000ની મામૂલી રકમ!

આટલી ગંભીર બેદરકારી સામે આવ્યા છતાં અને વંદાઓ રખડતા હોવાનો વિડીયો વાયરલ થયો હોવા છતાં, મનપાના અધિકારીઓએ સ્થળ તપાસ કરીને માત્ર રૂ. 2000નો નજીવો વહીવટી દંડ વસૂલીને સંતોષ માન્યો છે. લાખો રૂપિયાનો વેપાર કરતી જાણીતી પેઢી માટે ૨૦૦૦ રૂપિયાનો દંડ એ માત્ર એક મજાક સમાન છે. શું પ્રજાના આરોગ્યની કિંમત માત્ર બે હજાર રૂપિયા જ છે?

### આરોગ્ય વિભાગ છાવરી રહ્યો છે?

જે વિભાગની પ્રાથમિક જવાબદારી નાગરિકોને શુદ્ધ અને સાત્વિક ખોરાક મળી રહે તે સુનિશ્ચિત કરવાની છે, તે જ વિભાગ નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે આટલું નરમ વલણ કેમ દાખવી રહ્યો છે? વિડીયો વાયરલ થયા પછી જ જાગેલા અધિકારીઓ શું માત્ર દેખાડા પૂરતી કાર્યવાહી કરી રહ્યા છે? જો મનપા તંત્ર ખરેખર પ્રજાના આરોગ્ય પ્રત્યે ગંભીર હોય, તો આવી ગંદકી ફેલાવતી અને લોકોના

...અનુસંધાન પાના 5 પર

# SGSTએ વેપારીઓને 4000 સ્ક્રુટિનીની નોટિસ ફટકારી

**ડિમાન્ડ** ઊભી કરવામાં ટેક્નિકલ ક્ષતિઓ છતી થઈ

**વેપારીઓ** અને ટેક્સ પ્રોફેશનલને પરેશાન કરાતા હોવાની રાવ

**કલમ** 73 હેઠળ નોટિસો ઈશ્યુ કરાઈ

સુરતઃ રાજ્યના SGST વિભાગ દ્વારા નાણાંકીય વર્ષ 2022-23 માટે એકસાથે આશરે 4000 જેટલી સ્ક્રૂટિની નોટિસો ઈશ્યુ કરાતા વેપારી આલમ અને ટેક્સ પ્રોફેશનલ્સમાં ભારે રોષ અને પરેશાની જોવા મળી રહી છે. ખોટી ડિમાન્ડ ઉભી કરવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

ટેક્સ પ્રોફેશનલોના જણાવ્યા મુજબ, મોટાભાગની નોટિસો કલમ 73 હેઠળ ઈશ્યુ કરવામાં આવી છે. વાસ્તવમાં મોટાભાગના કેસોમાં મૂળ ઈશ્યુ ITC ની કલમ 16(2) હેઠળ ITC રિવર્સનો છે. વેપારીએ જે સપ્લાયર પાસેથી માલ લીધો છે તેણે ટેક્સ ભર્યો નથી એટલે ક્રેડિટ મળવાપાત્ર નથી તેવો તર્ક આપીને વિભાગ ITC રિવર્સ કરાવી રહ્યું છે. આ ઉપરાંત કોમન ક્રેડિટ રિવર્સના મુદ્દે પણ મોટા પાયે નોટિસો આપવામાં આવી છે. તેમજ GSTR-3B અને GSTR-9 ની મિસમેચના નામે પણ ઈશ્યુ ઉભા કરવામાં આવ્યા છે, જે પ્રેક્ટિકલ ન હોવાનું પ્રોફેશનલોનું કહેવું છે. 3B માં દર્શાવેલ ટર્નઓવર અને વાર્ષિક રિટર્ન 9 માં દર્શાવેલ ટર્નઓવર વચ્ચે ટેકનિકલ કારણોસર થતો તફાવતને પણ ડિમાન્ડ તરીકે દર્શાવી દેવાયો છે. ડિપાર્ટમેન્ટ એવો ઈશ્યુ ઉભો કરે છે કે સામેવાળા વેપારીએ ટેક્સ ભર્યો નથી એટલે તમને ક્રેડિટ મળે નહીં. પરંતુ તે અંગે વેપારીને કોઈ જાણ કરાતી નથી.

# દક્ષિણ ગુજરાતમાં 8 નવી ઔદ્યોગિક વસાહતોની જાહેરાત

**વલસાડથી** સુરત સુધી નવી વસાહતો સ્થાપવાની યોજના

**ભરૂચના** મછાછરા ગામની સરકારી જમીનનો કબજો GIDCએ મેળવ્યો

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ 2026 અંતર્ગત કુલ 8 નવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકારની પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસની પહેલના ભાગરૂપે આ વસાહતો દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સ્થાપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા રજુ કરાયેલી વિગત પ્રમાણે જાહેર કરાયેલી 8 ઔદ્યોગિક વસાહતોમાં વલસાડ જિલ્લામાં દાંડી, નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકાના આટ, ભરૂચ જિલ્લામાં ઝઘડિયા તાલુકાના ખાનપુરા-દેસ અને ઉબેર, આમોદ તાલુકાના મછાછરા, તાપી જિલ્લામાં ઉચ્છલ તાલુકાના વડપાડા (નેહુ), સુરત જિલ્લામાં ઓલપાડ તાલુકાના પારડી ઝાંખરી અને મંદરોઈનો સમાવેશ થાય છે. આ નવી ઔદ્યોગિક વસાહતો માટે જમીન મેળવવાની પ્રક્રિયા પણ આગળ ધપાવવામાં આવી રહી છે. તેમાં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મોજે મછાછરા ગામની સરકારી જમીનનો કબજો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા તા. 30 જુલાઈ, 2026ના રોજ મેળવી લેવામાં આવ્યો છે. આ વસાહતોના વિકાસથી દક્ષિણ ગુજરાતમાં નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે જમીન અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વધવાની અપેક્ષા છે. દક્ષિણ ગુજરાત VGRCમાં કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, જેમ્સ-જ્વેલરી અને એગ્રો-ફૂડ પ્રોસેસિંગ સહિતના ક્ષેત્રો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

# કસ્ટડીમાંથી ભાગતા જયેશ ઉર્ફે બારકુને પોલીસે ગોળી મારી દીધી, પગમાં વાગી



**બુડિયા** ગામની સીમમાં યુરિન અને ઊલટીનું બહાનું કાઢી પીએસઆઈનું રિવોલ્વર આંચકવાનો પ્રયાસ કર્યો, પગમાં ગોળી વાગતાં આરોપી ઝડપાયો

સુરતઃ ભાજપ કાર્યકર્તા જય દલાલ હત્યા કેસ અને ગેરકાયદે હથિયારોના સપ્લાય પ્રકરણમાં સંડોવાયેલા અને લાજપોર જેલમાં બંધ શાતિર આરોપી જયેશ ઉર્ફે બારકુ પાટીલને લાજપોર જેલથી ક્રાઈમ બ્રાંચ ખાતે લાવતી વખતે તેણે પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

...અનુસંધાન પાના 5 પર

### બુડિયા પાસે વોમિટ અને યુરિનનું બહાનું કાઢી ગાડી રોકાવી

આર્મ્સ એક્ટના નવા કેસોમાં જયેશ ઉર્ફે બારકુ પાટીલની પૂછપરછ અનિવાર્ય હોવાથી ક્રાઇમ બ્રાંચે કોર્ટમાંથી વિધિવત ટ્રાન્સફર વોરંટ મેળવ્યું હતું. ત્યારબાદ પોલીસ ટીમ તેને ગુરુવારે સાંજે લાજપોર જેલથી ક્રાઇમ બ્રાંચ ખાતે લાવી રહી હતી. દરમિયાન પોલીસ વાન જ્યારે બુઢાણા ગામની સીમ નજીક પહોંચી ત્યારે જયેશ પાટીલે અચાનક નાટક શરૂ કર્યું હતું. તેણે પોતાને ગભરામણ અને સફોકેશન થાય છે, ઊલટી થઈ રહી છે તેમજ યુરિન માટે તાત્કાલિક જવું પડશે તેમ કહી ગાડી ઊભી રખાવી હતી.

### હત્યાના પ્રયાસ અને ધાડ સહિત 10થી વધુ ગંભીર ગુના

પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ જયેશ ઉર્ફે બારકુ પાટીલ હાલ તા.20 ફેબ્રુઆરીના રોજ લિંબાયત સ્થિત વિશ્રાંતિ પાર્કમાં લગ્ન મંડપમાં જૂની અદાવતમાં યુવક પર ફાયરિંગ કરવાના પ્રકરણમાં જેલમાં બંધ હતો. તેની વિરુદ્ધ નોંધાયેલા 35થી વધુ કેસોમાં પાંચથી વધુ કેસ આર્મ્સ એક્ટ સાથે હત્યાની કોશિશ (કલમ 307)ના છે, જ્યારે પાંચથી વધુ કેસ ઘાતક હથિયારો સાથે લૂંટ અને ધાડના નોંધાયેલા છે. આમ, તેના નામે 10

...અનુસંધાન પાના 5 પર

### પીએસઆઈનું વેપન આંચકવાનો પ્રયાસ કરતાં જ ફાયરિંગ થયુંઃ ડીસીપી ભાવેશ રોઝિયા

ગાડી ઊભી રહેતાની સાથે જ તેણે પીએસઆઈ શૈલેષ દુબેનું સર્વિસ વેપન ખેંચીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ ઝપાઝપી દરમિયાન ફાયરિંગ થતાં આરોપીને પગમાં ગોળી વાગી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

# માંડવીના સાલૈયામાં ઘરમાં ઘૂસી દીપડાએ હુમલો કરતાં વૃદ્ધાનું મોત

**જીવ** બચાવવા મહિલાએ બૂમો પાડી, પણ જીવ ન બચ્યો

**લોકોનો** અવાજ સાંભળી દીપડો અંધારામાં ગાયબ થઈ ગયો



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકામાં અવારનવાર માનવ વસવાટમાં દીપડા આવી ચડવાની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે માંડવીના સાલૈયા ગામે આવેલા કોલી ફળિયામાં એક હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. રાત્રિના આશરે 8 વાગ્યાના સુમારે પોતાના ઘરમાં એકલી રહેતી 70 વર્ષીય કોંકણીબેન રઘાભાઈ ચૌધરી પર અચાનક દીપડાએ ત્રાટકીને હુમલો કર્યો હતો. દીપડાએ વૃદ્ધાના હાથ તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા દરમિયાન દાદીએ જીવ બચાવવા માટે બૂમાબૂમ કરી મૂકી હતી. મહિલાની બૂમાબૂમ સાંભળીને આસપાસના ગ્રામજનો તાત્કાલિક મદદ માટે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. લોકોનો અવાજ અને ઘેરાવો જોઈને આદમખોર દીપડો અંધારામાં નજીકની ઝાડીઓમાં ભાગી છૂટ્યો હતો. આ બનાવમાં ગંભીર ઇજાને કારણે વૃદ્ધાનું મોત થયું હતું.

બનાવની જાણ થતાં જ માંડવી પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ટીમ ત્વરિત ઘટના સ્થળે દોડી આવી હતી. આ ઘટનાને પગલે સાલૈયા ગામ સહિત આસપાસના વિસ્તારમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે અને લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. ઘટના સ્થળે પહોંચેલી વન વિભાગની ટીમે સમગ્ર વિસ્તારમાં તપાસ હાથ ધરી છે અને આદમખોર બની ચૂકેલા દીપડાને વહેલી તકે પાંજરે પૂરવા માટે વનવિભાગે ૯ પાંજરાં ગોઠવ્યાં હતાં.


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


**અનાવિલ અવસાન**



દિલગીરી સહ જણાવાનું કે મારા ધર્મ પત્ની/અમારા માતૃશ્રી
અ.સૌ. ગીતાબેન દિનેશભાઈ દેસાઈ
બારડોલી તા.૦૯/૦૯/૨૦૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું સયુંક્ત બેસણું
તા. ૧૨/૦૯/૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના.
તા.ક.લૌકિક રિવાજ બંધ છે

બેસણાનું સ્થળ: રાજપૂત સમાજની વાડી, વ્રજભૂમી હોટલની પાછળ, ગાંધીરોડ, બારડોલી

સ્વ. ગીતાબેન દિનેશભાઈ દેસાઈ
સ્વ.તા.૦૯/૦૯/૨૦૨૬

લિ.

પિયર પક્ષ
સ્વ. ગિરીશભાઈ છોટુભાઈ નાયક
સ્વ. સતિષભાઈ છોટુભાઈ નાયક
ભરતભાઈ છોટુભાઈ નાયક
હિમાંશુ છોટુભાઈ નાયક
(છાપરા, નવસારી)

દિનેશભાઈ છગનભાઈ દેસાઈ (પતિ)
અચલ દિનેશભાઈ દેસાઈ (પુત્ર)
મિતાક્ષી અચલ દેસાઈ (પુત્રવધુ)
દેવલ દિનેશભાઈ દેસાઈ (પુત્ર)
દેવાંગી દેવલ દેસાઈ (પુત્રવધુ)
રચિતા, હાર્દિ, તેજ

નિવાસસ્થાન : ગીતા સદન, સરદાર હોસ્પિટલની બાજુમાં, સ્ટેશન રોડ, બારડોલી.

**બીજી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



આંખો હજુ નિહાળે છે
તમને, અંતર હજુ
પોકારે છે તમને,
તમારૂં સ્મરણ થાય
ત્યારે મન મૂકીને
રડાવે છે અમને,
કદી ન કલ્પી શકાય
તેવી વસમી વિદાય
અમારૂ કાળજું કંપાવી ગઈ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.

સ્વ. હિતેષભાઈ મહેન્દ્રભાઈ સિદ્ધપુરા
જન્મ. તા. ૦૪/૧૧/૧૯૭૭
સ્વ. તા. ૧૧/૦૯/૨૦૨૪

લિ.
મહેન્દ્રભાઈ રામજીભાઈ સિદ્ધપુરા (પિતા)
રંજનબેન મહેન્દ્રભાઈ સિદ્ધપુરા (માતા)
ધરતીબેન મહેન્દ્રભાઈ સિદ્ધપુરા (બહેન)
ગં.સ્વ. વિરલબેન હિતેશભાઈ સિદ્ધપુરા (પત્ની)
દિપેશભાઈ મહેન્દ્રભાઈ સિદ્ધપુરા (ભાઈ)
જેનિલ હિતેશભાઈ સિદ્ધપુરા (પુત્ર)
સમસ્ત પરિવાર

**॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥**



સમય પહેલા સૂર્યાસ્ત થઈ ગયો,આશા અધુરીને આંખડી મીંચાઈ ગઈ ચંદન સમુ જીવન જીવીને સુખ સહુને દઈ ગયા, ધૂપસળીની માફક સળગી સુગંધ ફેલાવી ગયા, સુખને છલકાવ્યુ નહીં, દુઃખને દેખાડ્યું નહીં. આપનો પ્રેમાળ, મિલનસાર અને ઉદાર સ્વભાવ અમારા સ્મૃતિપટ પર આજીવન અંકિત થઈ ગયો છે. આપની ખોટ પુરાય તેમ નથી તેમ છતાં પરમ કૃપાળુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

સ્વ. રમણભાઈ જેરામભાઈ આહીર
ગામ - નરથાણ
સ્વ. તા.૦૨/૦૯/૨૦૨૬

લિ.
રમણભાઈ ભવનભાઈ આહીર (ભટલાઈ)
રાહુલભાઈ પ્રવીણભાઈ આહીર (ભટલાઈ)
તેજસભાઈ પ્રવીણભાઈ આહીર (ભટલાઈ)
કિશોરભાઈ ઠાકોરભાઈ આહીર (ભટલાઈ)
વિજયભાઈ ઠાકોરભાઈ આહીર (ભટલાઈ)
કમુબેન ચંપકભાઈ આહીર (કોસાડ)
પન્નાબેન દિનેશભાઈ આહીર (વરિયાવ)
જશુબેન બાબુભાઈ આહીર (ભાટપોર)
વાસંતીબેન સુરેશભાઈ આહીર (સુંવાલી)

**દુઃખદ અવસાન- પ્રાર્થના સભા**



દિલગીરી સહ જણાવાનું કે અમારા માતૃશ્રી સુશીલાબેન કૃષ્ણકાંત જરીવાળાનો દેહવિલય તા. ૧૦-૯-૨૦૨૬,ગુરૂવારના રોજ થયો છે. સદગતની પ્રાર્થના સભા તા. ૧૨-૯-૨૦૨૬ ના શનિવારે રાખેલ છે. પરમાત્મા સદગતના આત્માને ચિર શાંતિ અર્પણ કરે એવી પ્રભુ પ્રાર્થના.
સ્થળઃ પહેલે માળે, લાયન્સ હોલ, લાલજીનગર, સરદારબ્રીજની નીચે, અડાજણ, સમયઃ- સાંજે ૪ થી ૬

સ્વ. સુશીલાબેન કૃષ્ણકાંત જરીવાળા
સ્વ. તા. ૧૦-૦૯-૨૦૨૬

લિ.
સ્વ. કૃષ્ણકાંત ઠાકોરદાસ જરીવાળા
સ્વ. હિમાંશુ કૃષ્ણકાંત જરીવાળા
સુરેન્દ્ર ચંદ્રવદન શાહ નેહા સુરેન્દ્ર શાહ
બીના હિમાંશુ જરીવાળા
પાર્થ સુરેન્દ્ર શાહ ઈશાની પાર્થ શાહ
કરણ સુરેન્દ્ર શાહ મિતાલી કરણ શાહ
ફાલ્ગુન જતીનભાઈ આંગડિયા કૈરવી ફાલ્ગુન આંગડિયા
સમસ્ત જરીવાળા અને મણિયાર પરિવાર